મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૧૮ ટકા

ગાંધીનગર તાપમાન

# સિવિલમાં કટકી કૌંભાડમાં કુલડીમાં ગોળ ભંગાય તો નવાઈ નહીં..!

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખદબદી રહેલા ભ્રષ્ટ્રાચાર અને કટકી કૌંભાડ અંગે એક વકીલ દ્વારા પોતાના નામ સાથેની લેખિતમાં અરજી જિલ્લા કલેકટર અને આરોગ્ય વિભાગના ઉચ્ચ વિભાગો સુધી મોકલવામાં આવી હતી. આ અરજી અધિકારીઓને મળ્યા બાદ તેના પડઘા આરોગ્ય વિભાગમાં પડ્યા હતા. જેથી કલેકટર અને જિલ્લા આરોગ્ય વિભાગે આ બાબતે નિષ્પક્ષ તપાસ કરવા માટે સુચના આપી હતી. પરંતુ હાલની સ્થિતિમાં સિવિલ સત્તાધિશો દ્વારા આ કટકીબાજ અધિકારીઓને બચાવવા માટે મેદાને પડીને એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ સમગ્ર ઘટનાને લઈ સિવિલ તંત્ર દ્વારા કુલડીમાં ગોળ ભાંગવાની નિતી અપનાવાય તો નવાઈ નહીં..!

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય ધામની સાથે સાથે કટકી કૌંભાડની દુકાન ચાલતી હોવાનો ઘટસ્ફોટ કરતી લેખિત ફરિયાદ એક વકીલ દ્વારા કરવામાં આવી હતી.આરોગ્ય વિભાગ સહિત ઉચ્ચકક્ષાએ લેખિતમાં નામજોગ ફરિયાદ કરવાને કારણે તેના પડઘા પણ પડયા છે. જો કે એ વાત ઔર છે કે, તેની ગંભીરતા સિવિલના સત્તાધિશો સમજી શક્યા નથી અને કટકીની ફરિયાદ અંગે અધિકારીઓ વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરી નથી એટલું જ નહી ચોરી ઉપરથી સીના જોરી જેવો ઘાટ સર્જાયો છે.. કલેકટર અને આરોગ્ય વિભાગની સુચના બાદ તપાસ સમિતિ બનાવીને તપાસ કરી હોવાનું ડીંડક ચલાવવામાં આવે છે. જેટલો રસ કાર્યવાહી કરવામાં નથી ધરાવતા તેનાથી બમણો રસ સિવિલના સતાધિશોને ફરીયાદીને શોધવામાં છે. સિવિલ સુપ્રિટેન્ડન્ટની આ નિતીના કારણે અન્ય કર્મચારીઓને પણ કટકી આચરવાનું જાણે પાક્કુટ લાઈસન્સ મળી ગયું હોય તેમ લાગી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે સિવિલ સત્તાવાળાઓએ હજુ સુધી કોઈ એકશન લીધા નથી જેને પગલે પણ અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે અને હાલ અધિકારીઓની કામગીરી ઉપર પણ શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

# શહેરમાં જાહેરમાર્ગો પર આડેધડ પડેલી તોતિંગ કચરાપેટીથી નાગરિકો પરેશાન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટસીટી પ્રોજેક્ટ હાથ ધરાયો છે. શહેરમાં સ્વચ્છતાના ભાગરૂપે અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. શહેરમાં ઠેક-ઠેકાણે જાહેરમાર્ગો પર ભીના અને સૂકો કચરો નાખવા માટે કચરાપેટીઓ મુકવામાં આવી છે. પરંતુ તંત્રની બેદરકારીને પગલે આ કચરાપેટ માર્ગો પર આડેધડ પડેલી જોવા મળે છે. પરિણામે રાહદારીઓ તથા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉપરાંત ટ્રાફિકની સમસ્યા પણ ઉદ્ભવે છે.

પાટનગર ગાંધીનગરને સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવામાં આવતા ગાંધીનગર મહાનગરપાલિકાતંત્ર અનેક સુવિધાઓ ઉભી કરવા કામગીરી શરૂ કરી દીધી છે. જેમાં શહેરને સ્વચ્છ બનાવવાના ભાગરૂપે કચરો એકત્રીત કરવા મોટી-મોટી કચરાપેટી જાહેર માર્ગો પર મુકવામાં આવી હતી. જુદા જુદા રંગની બે કચરાપેટી મુકવામાં આવેલી છે. જેમાં સૂકા અને ભીનો કચરો નાખવામાં આવી રહ્યો છે. પરંતુ આ તોતિંગ કચરાપેટી માર્ગો પર આડેધડ હાલતમાં પડેલી જોવા મળે છે. ઉપરાંત આ કચરાપેટીની આસપાસ રખડતા ઢોરોનું પણ ટોળુ અડિંગો જમાવીને બેઠુ જ હોય છે. પરિણામે આ માર્ગો પર ટ્રાફિકજામના દશ્યો પણ જોવા મળે છે. અને રાહદારીઓ તથા વાહનચાલકોને નિકળવુ મુશ્કેલ બન્યુ છે. મનપાના સફાઈ વિભાગના અધિકારીઓ આ મામલે ગંભીર બની આ કચરાપેટી માર્ગોની પાસે યોગ્ય સ્થળે દરરોજ મુકવામાં આવે તેવુ નગરજનો ઈચ્છી રહ્યા છે.

# અડાલજ આસપાસ ટ્રકોમાંથી બેટરી ચોરતી ગેંગના સુત્રધારો પકડાયા

## અડાલજ પોલીસે બે રાજસ્થાની શખ્સોની ધરપકડ કરી ચોરી કરેલી ૮ બેટરીઓ રીકવર કરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક અડાલજ પંથકમાં ટ્રકો અને ટ્રેક્ટરોમાંથી બેટરીઓ ચોરી કરી જતી ગેંગે તરખાટ મચાવી દીધો હતો. અડાલજ પોલીસે આ ગેંગના બે રાજસ્થાની સુત્રધારોને દબોચી લીધા છે. અડાલજ પાસેના એક ભંગારના ગોડાઉનમાં બેટરીઓ વેચવા ગયા ને પોલીસે બંનેને પકડી પાડ્યા છે. આ બંને સખ્સો પાસેથી ટ્રેક્ટર અને ટ્રકોમાંથી ચોરી કરેલી આઠ બેટરીઓ રીકવર કરી બન્નેની ઉંડી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

અડાલજ પીઆઈ જે.જી. વાઘેલાની સુચનાથી તેમના વિસ્તારમાં તરખાટ મચાવનાર બેટરી ચોરતી ગેંગને પકડવા ડીસ્ટાફ સક્રીય થયો હતો. દરમ્યાન પીએસઆઈ એ.જી. એનુરકાર તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે અડાલજ મહારાજા હોટલની સામે એક ભંગારનું છાપરૂ છે. ત્યાં ચોરેલી બેટરીઓ વેચવાની ફીરાકમાં બે શખ્સો બેઠેલા છે. આ બાતમી આધારે ભંગારના છાપરે ટીમ પહોચી ગઈ હતી. અને રાજસ્થાનના ભીલવાડા વિસ્તારના બંને શખ્સો રાજમલ ખોખરમલ ગુર્જર (હાલ



રહે. ખોરજ) અને પ્રભુલાલ ડહુરામ ગુર્જર (હાલ રહે. જમીયતપુર)ને ચોરીની બેટરી સાથે પકડી પાડ્યા હતા.

પુછપરછમાં તેમની પાસેથી મળેલી આઠ બેટરીઓ અડાલજ ગામેથી આઈવા ટ્રકો અને ટ્રેક્ટરોમાંથી ચોરી હોવાની કબુલાત કરી હતી. આરોપીની આઠ બેટરીઓ કિં. રૂ. ૫૮ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# સે. ૧૯ જીમખાનામાં રિટાયરમેન્ટ પ્લાનીંગ અંગે વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૯ સ્થિત જીમખાના ખાતે સેબી દ્વારા રિટાયરમેન્ટ પ્લાનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિક્યુરીટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના ઉપક્રમે આ વર્કશોપ યોજાયો હતો.

જેમાં સેબીના ફાઈનાન્સિઅલ એજ્યુકેશન ટ્રેનર અશોક મહેતાએ જીવનમાં બચત અને રોકાણની અગત્યતા તથા જાગૃતિ, બચત પર ફુગાવાની નેગેટીવ અસર, પાવર ઓફ કમ્પાઉડીંગની લાભદાયક અસર, હાલના સંજોગોમાં રિટાયરમેન્ટ પ્લાનીંગની જરૂરિયાત અને રિટાયરમેન્ટ કેલ્ક્યુલેટર વિશે રસપ્રદ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં નગરજનો જોડાયા હતા. વર્કશોપનું આયોજન જીમખાનાના મેનેજર જે.એન. ચંપાવતે કર્યુ હતુ.

## આજે એલઆઈસી ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ કલાકની હડતાલ પાડશે

ગાંધીનગર, તા. ૨૭

એલઆઈસી ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ આવતીકાલ ૨૮મી માર્ચ વિવિધ માંગણીઓને લઈ એક કલાકની હડતાલ પર ઉતરશે.

એલઆઈસી ઓફ ઈન્ડિયાના કર્મચારીઓની લાંબા સમયથી પડતર વિવિધ માંગણીઓને લઈને હડતાલ પર ઉતરવાના છે. ગાંધીનગર વિભાગના વર્ગ-૧ અને વર્ગ ૩/૪ના કર્મચારીઓ આવતીકાલે તા. ૨૮મી માર્ચ ૨૦૧૮ના સવારે ૧૨.૪૫ થી ૧.૪૫ દરમિયાન એક કલાક જીવન પ્રકાશ વિભાગીય કચેરી સેક્ટર-૧૧ ખાતે હડતાલ પર ઉતરશે. ૨૭મી માર્ચ ૨૦૧૮ના રોજ કર્મચારીઓએ સામૂહિક સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. જો સરકાર તરફથી હકારાત્મક પ્રતિભાવ મળશે નહી તો આગળ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જનરલ સેક્રેટરી સુબોધ ત્રિવેદીએ જણાવ્યું છે.

# સેક્ટર-પના આંતરીક માર્ગ તેમજ બગીચાની લાઈટો ડુલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-પના જાહેર માર્ગો તેમજ રીંગરોડ અને રહેણાંક વિસ્તારના આંતરીક વિભાગોમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. જેને પગલે સેકટરમાં સાંજ ઢળતા જ અંધકાર છવાઈ જવા પામે છે. સેકટરમાં અંધકાર હોવાથી ચોર ઈસમો પણ ચોરી કરીને અંધારામા ગાયબ થઈ જાય છે. સેકટરની મહિલાઓ ચારેકોર અંધારુ હોવાથી રાત્રીના સમયે ઘરની બહાર પણ નીકળી શકતી નથી. ત્યારે તંત્ર સમક્ષ વારંવાર રજુઆત છતા તંત્ર દ્વારા હજુ સુધી નિવેડો લાવવામાં આવ્યો નથી. ત્યારે જાળવણીના અભાવે આ પરિસ્થિતિ સેકટરના વીજ પોલમાં ઉભી થવા પામી છે.

ગાંધીનગર શહેર દિવસ જેવું જ રાત્રે પણ ઝળહળતુ રહે તે માટે તંત્ર દ્વારા ઠેરઠેર વીજ પોલ ઉભા કરવામાં આવ્યા છે. સાંજ પડતા વિજપોલ શરુ થઈ જાય છે અને વહેલી સવારે બંધ થઈ જાય છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી વિજપોલની જાળવણીના અભાવે સેકટરવાસીઓને અંધકારનો સામનો કરવો પડે છે. ત્યારે સેકટર-૫ માં સેકટરના આંતરીક માર્ગ તેમજ રીંગરોડના વિજપોલ બંધ રહેતા સેકટર અંધકારમાં ગરકાવ થઈ ગયુ છે. રાત્રીના સમયે ચોરીના બનાવો બનતા હોવાથી નાગરીકોને ભય સતાવી રહ્યો છે. તો બીજી તરફ સેકટરના બગીચાની પણ આ જ પરિસ્થિતિ છે. બગીચામાં મુકવામાં આવેલ સોલાર લાઈટોની બેટરી ચોરી જતા તેમા પણ અંધકાર હોવાથી બાળકો ઉનાળાના સમયે પણ રમી શકતા નથી. જયારે સાંજ ઢળતા જ બગીચામાં અસામાજીક તત્વો અડીંગો જમાવીને બેસી જાય છે. જયારે બગીચાની યોગ્ય જાળવણી અને નિભાવણી થાય તે અત્યંત જરુરી છે. તેમજ રમતગમતના નવા સાધનો પણ મુકવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. બગીચામાં ચોકીદાર મુકવામાં આવે તો બગીચાની જાળવણી યોગ્ય રીતે થઈ શકે તેમ છે તેવી રજુઆત સેકટર-૫ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે. સેકટરના પાયાના પ્રશ્નનો સત્વરે ઉકેલ આવે તેમ સેકટરવાસીઓ ઈચ્છી રહ્યા છે.

# પીડીપીયુના વિદ્યાર્થીઓ 'વારલી' અને 'માતાની પછેડી'ની કળા શિખ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની પીડીપીયુ ખાતેની સ્કૂલ ઓફ લીબરલ



સ્ટડીઝમાં 'વારલી કળા' અને 'માતાની પછેડી' કળાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જાણીતા કલાકાર જયંતિભાઈ ચિતારાને બોલાવવામાં આવ્યાં હતા. જેમાં રાજ્ય અને રાષ્ટ્રીય બંને કક્ષાએ આ કળા માટે એવોર્ડથી સન્માનિત કરાઈ ચુક્યાં છે. આ વર્કશોપમાં સ્કૂલ ઓફ લીબરલ સ્ટઝીડના એનસીસીના વિદ્યાર્થીઓએ ઑડિટ કોર્સ અંતર્ગત ભાગ લીધો હતો.

વારલી કળા એ ગુજરાતના આદિવાસીઓની આશરે ૪૦૦થી પણ વધુ વર્ષ જુની કળા છે. જે મૂળ મહારાષ્ટ્રના થાણેમાં ઉદ્ભવ પામી હતી. આ કળામાં માત્ર રેખાંકિત ચિત્રો દોરવામાં આવે છે. જેમાં ત્રિકોણનો સૌથી વધુ ઉપયોગ થાય છે. આ કળામાં આદિવાસીઓ જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગોને આવરી લેતા હોય છે. 'માતાની પછેડી' પણ ગુજરાતની એક આગવી એમ્બ્રોયડરીની કળા છે જે કલમકારી સ્વરૂપે પણ વપરાય છે. આ કળા પણ ૩૦૦થી વધુ વર્ષ જુની હોવાનું મનાય છે અને જેમાં દેવીને ઓઢાવવામાં આવતી ચુંદડી હોય છે. જે દુર્ગા માતાની દિવ્ય શક્તિનું પ્રતિક ગણાય છે. આ બંને કળાઓ ક્ષેત્રે જાણીતા કલાકાર જયંતિભાઈ ચિતારા તથા તેમની ટીમે વિદ્યાર્થીઓને આ કળા થકી વસ્ત્રો ડિઝાઈન કરવાની તાલીમ આપી હતી. આ બંને કળાઓ શિખવાનો વિદ્યાર્થીઓએ ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો.



સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં સીંગીંગ કોમ્પીટીશન યોજાઈ હતી. આ કાર્યક્રમ સહિત બ્રહ્મસમાજના ઉત્થાન માટે કરવામાં આવેલા પ્રયત્નોને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયુ છે. સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટના પ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી, કો ઓર્ડીનેટર દિવ્ય ત્રિવેદી, જાગૃતિબેન ત્રિવેદી, મનીષભાઈ ત્રિવેદી, મનીષભાઈ મહેતા અને પાર્થ રાવલે આ કાર્યક્રમોને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

## વાતવાતમાં

● અમેરિકાની ફ્લોરિડા યુનિવર્સિટી દ્વારા ઉજવાતા સુવર્ણા દિનેશ શાહ ચોથા કાવ્ય મહોત્સવમાં ગાંધીનગરના કવિ ભાગ્યેશ જહા અને હિતેન આનંદપરા ભાગ લેશે. આ ઉપરાંત ભાગ્યેશ જહા સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝમાં ભગવદ્ ગીતા પર તેમનું પ્રવચન આપશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કાર્યરત ગુજરાત પંચાયતી કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રકાશ ત્રિવેદી સહિત જિલ્લા પંચાયતના ૬ કર્મચારીઓ નાયબ ચીટનીશની પરીક્ષામાં પાસ થયા છે. સમગ્ર જિલ્લા પંચાયતમાં આ કર્મચારીઓના પાસ થવાને પગલે આનંદનુ મોજુ ફરી વળ્યુ હતુ.

● ગાંધીનગરના કોબા સર્કલે એક કારચાલકે કાબુ ગુમાવતા કાર રેલીંગ તોડીને સર્કલની વચ્ચે ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં કારની એરબેગ સુદ્ધા બહાર આવી ગઈ હતી પરંતુ સદનસીબે કોઈને ઈજા થવા પામી નથી.

## આજે વર્લ્ડ ટીબી ડે ઓબ્ઝર્વેશન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

વિશ્વ ક્ષય દિવસ અંતર્ગત ગાંધીનગર જિલ્લા ટીબી કન્ટ્રોલ સોસાયટી દ્વારા તા. ૨૮મી માર્ચ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે સેક્ટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે 'વર્લ્ડ ટીબી ડે ઓબ્ઝર્વેશન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર સતીષ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરાશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ મુખ્ય મહેમાન પદે તથા અતિથિ વિશેષ પદે જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન આશાબા રાઠોડ, વિભાગીય નાયબ નિયામક ઈન્ચાર્જ ડૉ. ટી.કે. સોની, જીએમઈઆરએસના પૂર્વ ડીન ડૉ. વાસુદેવભાઈ રાવલ, સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. બીપીન નાયક તથા જે.કે. લક્ષ્મી સિમેન્ટના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ નવીનકુમાર શર્મા ઉપસ્થિત રહેશે.

## ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય કેળવણી દ્વારા ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા સમાજના ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને દર વર્ષે ફુલસ્કેપ ચોપડા આપવામાં આવે છે. તેમાં વધારો કરીને હવે દરેક વિદ્યાર્થી ભાઈ બહેનને ૧૦ ચોપડા આપવાનું નક્કી કર્યુ છે. આ વધારાના ખર્ચને પહોંચી વળવા એક હજારના શુભેચ્છક દાતાઓ તેમજ શુભેચ્છા જાહેરાત માટે સર્વેને અનુરોધ કરાયો છે. આ વર્ષે ચોપડા વિતરણ ફકત અમદાવાદ કાર્યાલય પરથી જ કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.તેમજ દાતાઓએ સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ.કે.ચૌહાણના મો.૯૪૨૭૦ ૫૬૮૪૫ પર સંપર્ક કરવા મહેન્દ્રભાઈ ચૌહાણે અનુરોધ કર્યો છે.

## નગરજનોને જુના ચશ્માની ફ્રેમો સહયોગ મંડળને મોકલી આપવા અનુરોધ

ગાંધીનગર, તા.૨૭

સહયોગ મંડળ ગાંધીનગરના નિવૃત સક્રિય સભ્યો સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના દિન દયાળ સ્ટોરની પાસે બેઠા હોય છે અને ગરીબ જરૂરીયાત મંદ દર્દીઓને વિના મુલ્યે દવાઓ આપવામાં આવે છે. તેમજ હાલના સંજોગોમાં શહેરના તેમજ ગામડાઓમાંથી આવતા એવા જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓ સિવિલ હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશન કરાવ્યા બાદ નંબરના ચશ્માની જરુરીયાત ઉભી થાય છે. જેને પહોંચી વળવા માટે ગાંધીનગરના નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તમારી પાસે ઘરમાં પડી રહેલા જુના ચશ્માની ફ્રેમો હોય તો સહયોગ મંડળના સભ્યો ભગુભાઈ પટેલ મો.૯૮૭૯૮ ૬૨૮૯૩, ડી. જી. રાજપૂત મો.૯૫૭૪૧ ૨૨૦૨૩, આર.કે.સુથાર મો. ૯૭૧૨૯ ૧૪૧૩૧, તેમજ કિરીટસિંહ વાઘેલા મો. ૯૪૨૬૫ ૯૩૬૬૫ પર સંપર્ક કરીને મોકલી આપવા અનુરોધ કરાયો છે જેથી જરૂરીયાતમંદ દર્દીઓને ચશ્મા આપવામાં સરળતા રહે.

# ગાંધીનગરથી વડોદરાની બસ સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર થી વડોદરા જવા



માટે સવારે ૫ કલાકે અને બપોરે ૨ કલાકે ગાંધીનગર એસ.ટી ડેપોમાંથી બસ ઉપડશે. આ બસ મુસાફરોને તેમજ કાયમી નોકરી કરતા કર્મચારીઓ માટે અનુકુળ રહેશે. આ બસ અમદાવાદ નરોડા, કૃષ્ણનગર,સીટીએમ થઈને એકસપ્રેસ વે થઈને વડોદરા જશે. આ વડોદરાની બસ સેવા વેકેશનને ધ્યાને લઈને કરવામાં આવી નથી આ કાયમી ધોરણે સેવા શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર થી રાજયના ખુણે ખુણા સુધી મુસાફરો માટે બસ સેવા ગોઠવાયેલી છે. રોજના હજ્જારો કિલોમીટરનું સંચાલન ગાંધીનગર એસટી તંત્ર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર ડેપોથી રોજના લાખો મુસાફરો વિવિધ સ્થળો પર મુસાફરી કરે છે.ત્યારે મધ્ય ગુજરાત તરફની બસ સેવાને વધુ સુદ્રઢ બનાવવા માટે તંત્ર દ્વારા વધુ બે બસ મુકવામાં આવી છે. વડોદરા શહેરના મુસાફરો વધુ હોવાથી બસની માંગ ઉભી થવા પામી હતી. વારંવાર લેખિત રજુઆતો પણ એસટી તંત્રને મળી હતી. જેને પગલે રોજ અપડાઉન કરતા કર્મચારીઓ તેમજ વહેલા જવુ હોય તેવા મુસાફરો માટે ગાંધીનગરથી રોજ સવારે ૫ કલાકે તેમજ બપોરે ૨ કલાકે વડોદરા માટે બસ ઉપડશે. જે વાયા નરોડા, કૃષ્ણનગર, સીટીએમ થઈને વડોદરા જશે. જેથી આ બસ સેવાનો લાભ ગાંધીનગર સહિત અમદાવાદના મુસાફરો પણ લઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. મોહન ખન્ના, ઉ.વ.૭૨
- સ્વ. ભરતિસંહ નાથુસિંહ વાઘેલા, ઉ.વ.૪૨
- સ્વ. અંબાબેન પુરુષોત્તમ દાસ રાવલ, ઉ.વ.૯૭

ટચુકડી જાહેર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧